| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |

તા.૩૦/૦૭/૨૦૨૩  રવિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

### નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-  સમાચાર યાદી નં.૧૨૪૪/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૧ કેસ કરી, ૨૩ વ્યક્તિઓને ઝડપી, ૪૯ લીટર દેશી દારૂ, ૮૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૩૬ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૯ બીયરટીન અને ૧ રીક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૨ કેસ કરી ૧૪ વ્યક્તિઓની અટકાયત કરી રોકડ રૂપિયા ૨૮,૯૧૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

### તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-  સમાચાર યાદી નં.૧૨૪૫/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

### ઘરફોડઃ-  સમાચાર યાદી નં.૧૨૪૬/૨૦૨૩

**ઓઢવઃ** મયુરભાઇ ધનશ્યામભાઇ પટેલ (ઉ.વ.૪૪)(રહે.ધોરીખાચો રામજી મંદીર ઓઢવ ગામ ઓઢવ) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૮/૦૭/૨૦૨૩ રાતના ૧૦/૦૦ થી તા.૨૯/૦૭/૨૦૨૩ સવારના ૫/૧૫ વાગ્યા દરમ્યાન ઓઢવ ગામના ભાગોળે શાક માર્કેટ પાસે આવેલ "સેમોલ માતાજી તથા વૈજનાથ મહાદેવ મંદીર" ના પાછળના દરવાજાનું તાળુ ખોલી, અજાણી વ્યક્તિ મંદીરમાં પ્રવેશ કરી, મંદીરની બે દાનપેટીઓ મંદીરની વાડીમાં લઇ જઇ દાનપેટીઓના તાળા તોડી અંદાજે રોકડ રૂપિયા ૧,૨૫,૦૦૦/- ચોરી કરી લઈ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.કે.ડામોર ચલાવે છે.

**નારોલઃ** હીરાલાલ રાજદેવ પટેલ (ઉ.વ.૫૦)(રહે, શાંતીનગર કિર્તીનગરની બાજુમા નારોલ) એ તા.૨૯/૦૭/૨૦૨૩ ના રોજ નારોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૭/૦૭/૨૦૨૩ બપોરના ૧/૦૦ થી ૨/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, તિજોરીમાથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૨૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૪૨,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે.આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.જી.બ્રીદ ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૨૪૭/૨૦૨૩**

**સરખેજઃ** શશીકાંતભાઈ મણીલાલ શાહ (ઉ.વ.૭૪)(રહે, સુર્યા એમરલ્ડ આદીરાજ બંગલા સામે મુમતપુરા રોડ આંબલી સરખેજ) એ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૯/૦૭/૨૦૨૩ સવારના ૧૦/૪૫ થી ૧૧/૪૫ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે ઘરઘાટી તરીકે કામ કરતા આરોપી શંકરભાઈ તથા તેની સાથે આવેલ બીજો એક અજાણ્યો પુરૂષ (જેઓના પુરા નામ-સરનામાની ખબર નથી) એ ભેગામળી શશીકાંતભાઇના ઘરમા આવેલ લાકડાના કબાટમાંથી પ્લાસ્ટીકના ડબામાં મુકેલ સોનાનો પેંડલ સાથેનો અછોડો કિંમત રૂપિયા ૪૦,૦૦૦/-, સોનાની ડાયમંડવાળી બંગડી કિંમત રૂપિયા ૬૦,૦૦૦/-, સોનાનો પાટલો કિંમત રૂપિયા ૭૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૭૦,૦૦૦/- મતાની ચોરી કરી નાસી ગયા છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.પી.સોલંકી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૨૪૮/૨૦૨૩**

**નરોડાઃ** નરોડા હંસપુરા રીંગરોડ ની બાજુમાં “ગેલેક્ષી સેન્ટ્રલ” નામની નવી બનતી સાઈટ ખાતે રહેતા અને ત્યાંજ કામ કરતા સોમેશ્વર લાલજીભાઈ ડામોર(ઉ.વ.૨૬)(મૂળવતન ગામઃ સેરાવાલા તા.આનંદપુરી જીલ્લોઃ બાંસવાડા રાજસ્થાન) એ અગમ્ય કારણસર તા.૨૮/૦૭/૨૦૨૩ સાંજના ૭/૩૦ થી તા.૨૯/૦૭/૨૦૨૩ સવારના ૧૦/૪૫ વાગ્યા દરમ્યાન “ગેલેક્ષી સેન્ટ્રલ” નામની સાઈટના “એ” બ્લોક ના પહેલા માળે આવેલ નવી બનતી દુકાનના ખુલ્લા ગાળામાં લાકડાના પાલખ સાથે રૂમાલ બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી છે. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી નરેશકુમાર સુકાભાઇ ચલાવે છે.

**અમરાઇવાડીઃ** વૈભવ સુધાકર વ્યાસ (ઉ.વ.૧૨)(રહે.હાજીમુલ્લા પઠાણ ની ચાલી, રાજારામ શેઠની ચાલી પાસે, રામનગર, ભીલવાડા, અમરાઇવાડી) એ અગમ્ય કારણસર તા.૨૯/૦૭/૨૦૨૩ બપોરના ૨/૧૫ વાગ્યા પહેલા પોતાના ઘરે ઉપરના માળના દરવાજાના હુક સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી છે. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી જી.કે.આહીર ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી